# આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

## *આદર્શ નિવાસી શાળાઓના આચાર્યોની ક્ષમતાવર્ધન માટેની*
## *બે-દિવસીય કાર્યશિબિર*

તા.૨૭/૦૬/૨૦૧૯ થી તા.૨૮/૦૬/૨૦૧૯




## *કાર્યશિબિરનો અહેવાલ*

**સંકલનકર્તાઃ**

ડૉ.વિપુલ રામાણી ડૉ.તેજલ અધ્વર્યુ



**કાર્યશિબિરનું સ્થળઃ**

સભાખંડ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

# કાર્યશિબિરનો અહેવાલ

તા.૨૭-૨૮/ ૦૬/ ૨૦૧૯ દરમિયાન આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે આદર્શ નિવાસી શાળાઓના આચાર્યોની ક્ષમતાવર્ધન માટેની બે-દિવસીય કાર્યશિબિર યોજાઈ ગઈ. આ કાર્યશિબિરનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરતી આદર્શ નિવાસી શાળાઓના આચાર્યોની કાર્યક્ષમતા અને કૌશલ્ય વિકાસ કરવાનો છે. આ કાર્યશિબિરમાં ગુજરાત રાજ્યના વિવિધ ૧૪ આદિવાસી જિલ્લાઓમાંથી કુલ – ૩૪ આચાર્યો ઉપસ્થિત રહ્યા.



કાર્યશિબિરની શરૂઆત પ્રાર્થના અને દીપપ્રાગટ્યથી કરવામાં આવી. કેન્દ્રના કર્મચારીઓએ ગૂજરાત વિદ્યાપીઠ તેમજ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની કામગીરી તથા પ્રવૃત્તિઓની શિબિરાર્થીઓને ઊંડાણપૂર્વક સમજ આપી.

કાર્યશિબિરમાં આદિવાસી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ (શૈક્ષણિક, શારીરિક અને માનસિક વિકાસ વગેરે) કેવી રીતે કરી શકાય તે બાબતને ધ્યાનમાં રાખીને વિવિધ વિષયોની તજજ્ઞો દ્વારા સૈદ્ધાંતિક અને પ્રાયોગિક સમજ પૂરી પાડવામાં આવી. જેમકે, ડૉ.અજીતસિંહ રાણાએ શાળા સંચાલનમાં શિક્ષણ સંદર્ભે નવીન પદ્ધતિઓ તેમજ આર.ટી.આઈ. કાયદાની સમજ, પ્રા.દિપક તેરૈયાએ વ્યકિતત્વ વિકાસ માટે જીવન કૌશલ્યોની સમજ તેમજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં આચાર્યની ભૂમિકા, શ્રી રાજુ પુરોહિતે શૈક્ષણિક વિકાસમાં સહશિક્ષણની અનિવાર્યતા અને અગત્યતા, સુશ્રી દીપ્તિ શાહએ બાળકોના શારીરિક, માનસિક અને શૈક્ષણિક વિકાસમાં મેદાની રમતોની અગત્યતા, ડૉ. સુરભિ લેઉવાએ બાળકોના શારીરિક-માનસિક વિકાસમાં પૌષ્ટિક આહાર અને પોષણનું મહત્વ, શ્રી સંજય દવેએ વૈચારિક આદાન પ્રદાન માટે અસરકારક પ્રત્યાયન અને લેખન શૈલી અને પ્રો.અજય પરીખે આધુનિક શિક્ષણમાં કૉમ્પ્યુટરની ભૂમિકા અને ઈ-ટુલ્સની સમજ આપી હતી.





રાત્રે શિબિરાર્થીઓએ ડોમમાં તારમંડળ અને ગ્રહો-ઉપગ્રહનું નિદર્શન નિહાળ્યું. ટેલિસ્કોપ દ્વારા ગુરુ ગ્રહ તથા તેના ચાર ઉપગ્રહો બતાવ્યા. બીજે દિવસે શિબિરાર્થીઓએ આદિવાસી સંગ્રહાલય અને સ્વ.મોરારજી દેસાઈ સંગ્રહાલયની મુલાકાત લીધી. કાર્યશિબિરમાં આવેલા શિબિરાર્થીઓએ યોગ-પ્રાણાયમ નિદર્શન કાર્યક્રમમાં સહભાગી થઈ વિવિધ આસનો કર્યા.



આ કાર્યશિબિરના સમાપન કાર્યક્રમમાં શિબિરાર્થીઓના પ્રતિભાવો સ્વરૂપે પોતાના અનુભવો અને સૂચનો મેળવવામાં આવ્યા. અને અંતમાં પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યશિબિરના આયોજનથી લઈને સમાપન સુધી વિભિન્ન જવાબદારી કેન્દ્રના સંશોધન મદદનીશશ્રી ડૉ.વિપુલ રામાણી અને ડૉ.તેજલ અધ્વર્યુએ ઉત્સાહપૂર્વક નિભાવી.

**સમુહ ફોટોગ્રાફ**




આદર્શ નિવાસી શાળાઓના આચાર્યોની ક્ષમતાવર્ધન માટેની કાર્યશિબિરમાં સહભાગી થયેલ શિબિરાર્થીઓ